૪૬૮૦

૭

"ના, તમે નીશ્ચિત રહો, હું ત્યાં તમને
રહીશ, પણ હા, તમે મને કયા મળશો ?"

" મધ્ય રાત્રી થતા તમે રાજમહેલ રોડ તરફ આ
ત્યા તમને એક માણુસ તેડવા આવશે"

દેવેન્દ્રે તેને કંઈ ઉત્તર ન વાળ્યો અને ગુપચુપ ઉભોજ રહ્યો. થોડીવાર રહી તેણે સીપાહી સામું જોયુ અને તરતજ પેલો સીપહી સભ્યતાથી સલામ કરી ચાલતો થયો, દેવેન્દ્રે અવાચક જેવો ત્યાજ ઉભો રહ્યો. અને પેલા જનાર સીપાહી પ્રત્યે જોવા લાગ્યો જ્યારે તે દેખાતો બધ થયો ત્યારે તે પણ ત્યાંથી ચાલતો થયો, અને પોતાને રહેઠાણે આવ્યો ઘેર આવી ભોજન ઇત્યાદી જમી લઇ, તેણે વસ્ત્રો બદલ્યાં અને સાથે સાથે એક નાનકડી પીસ્તોલ પણ ગજવાનાં સેરવી સમય પસાર કરવા એક પુસ્તક લઇ બેઠો. મધ્ય રાત્રીનો સમય થતા તે ત્યાંથી ઉઠયો અને દર્શાવેલી જગ્યાએ અપાયેલા વચન મુજબ પેલા સિપાઇને મળવા રાજ મહેલ રોડ તરફ જતી સડક ઉપર રસ્તે પડયો.

થોડીજવારમા તે ધારેલા સ્થાન ઉપર આવી ઉભો હજી તેને ત્યા આવતા થોડીજ પળો વીતી હશે, કે એટલામા થોડાક માણસો ત્યાથી પસાર થયા અને ચાલતા ચાલતાં દેવેન્દ્રને છેડતા પણ ગયા, છતા તે ચપળ જાસુસ સમયસુચકતા વાપરી શાંતજ ઉભો રહ્યો, અને તે માણસો આગળ

.રઈરહી પેલા માણુસો ફરી પાછા ફર્યા અને
ા તો તેઓમાના એકે દેવેન્દ્રને એવોતો જોરમા
મારો કે જો તે હુશીઆર ન ઉભો હોત તો જરૂર
મી ઉપર લાબો થઈ પડત પોતાને ધક્કો લાગતાજ
દેવેન્દ્ર વાઘ પેઠે ઉછળી પડયો અને પેલા માણુસ.માના
એકને પોતાના જોરાવર હાથમા ઉંચકી લઈ દડા પેઠે ફેકી
દીધો અને તરતજ એક બીજાને પણુ તેના કતવ્યની મઝા
ચખાડી, ત્રીજા પ્રત્યે ફર્યો અને એમને એમ તેણે તે સઘળા
પુરૂષોની ખબર લઈ નાખી, ઝખવાણા પડેલા પેલ.
પુરૂષો હવે ન્હાસવા લાગ્યા, હજી તેઓ થોડેજ દુર ગયા
હશે કે પાછળથી એક પુરૂષે જોરમા કહ્યુ, "ધન્ય છે એમજ
જોઈતુ હતુ "

દેવેન્દ્રે તરતજ પાછું ફરી જોયુ તો તેણે એક બળવાન
પુરૂષને ઉભેલો દીઠો, થોડીવાર સુધી એકાગ્ર દ્રષ્ટિએ જોતા
તેણે કહ્યુ "મને ધન્યવાદ આપનાર પુરૂષનો હુ કયા નામે
આભાર માનુ ?"

"મારૂં નામ મોહનસીંગ છે, અને હુ અલકાપુરનો
કમીશ્નર છુ "

ચીફ કમીશ્નર નામ સાભળતા દેવેન્દ્ર સભ્યતા ખાતર
જરા નમ્યો અને પુછયુ, 'આપને મારી સાથે કાંઈ કામ છે ?"

"જી હા, હુ તમને નામદાર સમ્રાટની ચાકરીમાં
રાખવા માગુ છું."

'હુ મારા ખરા અંતકરણે તે નામદારની નોકરી બજાવવા રાજી છુ પણ હા, મને નોકરીમા રાખ્યા અગાઉ પગાર નકકી કરશો તો આભાર થશે" દેવેન્દ્રે રોકડું પરખાવ્યુ

"પગાર સબંધે તમે પોતેજ કહો, કે શુ લેશો ?"

દેવેન્દ્રે તરતજ ચીફ ઈન્સ્પેકટરને એક રકમ કહી તે લગભગ એક હજાર રૂપીઆ જેટલા થતા હતા

પગાર સાભળી લીધા પછી ફરીવાર મોહનસીંગે કહ્યુ, ઠીક છે તમને તેજ પગાર આપવામા આવશે, અને જ્યારે અમે તમને સુપ્રત કરેલુ કાર્ય પુર્ણ કરશો ત્યારે ભારે ઈનામ પણ આપવામા આવશે

"એ બધુ ખરૂં, પણ નામદાર સરકારને મારૂં નામ ઠેકાણુ કોણે કહ્યું, તે હુ વિચારી શકતો નથી"

'દેવેન્દ્ર" મોહનસીંગે હસ્તાં ઉત્તર વાળ્યો, "જ્યારથી તમે અલકાપુરમા આવ્યા છો, ત્યારથી અત્યાર સુધી દરેકે દરેક પળની અને તમારા દરેકે દરેક કાર્યની મને ખબર છે પણ હવે એ વાતને જવા દેતાં તમે તમારા કાર્ય પાછળ કાલથી વળગો એમ હુ ઈચ્છુ છું"

ડીટેકટીવે તેના વળેલા ઉત્તર પ્રત્યે જરા પણ ધ્યાન આપ્યા વીના પુછ્યું, "હું એમ પુછું છું કે આપે કેમ ધાર્યું કે હુ આપના કાર્યને લાયક પુરૂષ છું"

"હા, એ પણ ખરૂ, છતા મારી એવી દઢ માન્યતા છે, કે મારા કાર્ય માટે તમારાથી વધુ સારો પુરુષ એકે જડનાર નથી"

"જ્યારે તમે એમજ ધારો છો, ત્યારે તમે પણ જોશો કે એક બંગાળી કેવી વફાદારીથી કાર્ય પુર્ણ કરે છે તે હુ તમને દેખાડી આપીશ હવે કહો જોઇએ કે તમે મને કયા કાર્ય પાછળ રોકવા માગો છો?"

"જણાવીશ પણ, અત્યારે નહી" એમ કહેતા ચીફ પોલીસે ગજવામા હાથ નાખ્યો અને એક મુદ્રીકા કઢી દેવેન્દ્રને આપતા કહ્યુ, "લ્યો આ વીંટી, તમે તમારી પાસે રાખો આ જાસુસોની એક છુપી નીશાની છે, આ વીંટી કોઇને પણ બતાવતા તમને જોઇતી દરેક સ્હાય મેળવી શકશો"

દેવેન્દ્રે તરતજ તે વીંટી લઇ લીધી અને મોહનસીંગનો આભાર માનતા ગજવામા સેરવી દીધી

"સાભળો, દેવેન્દ્ર આપણે કાલે એક જગ્યાએ જનાર છીએ માટે તમે કાલે રાત્રે દસ વગે બરબર આજ જગ્યાએ વેશ બદલી ઉભા રહેજો"

"જેવી આપની ઇચ્છા" દેવેન્દ્રે ઉત્તર વાળ્યો

તરતજ મોહનસીંગે એક છુપી ઇશારત કરી અને દેવેન્દ્રને કહ્યુ "આ ઇશારો પણ યાદ રાખજો તમારા

અને મારા વચ્ચે આ એક છુપી નીશાની રહેશે, જેથી બીજા પુરૂષો તમે કોણ છો, તે જાણી શકશે નહી અને આ નીશાની આપણુને બહુજ ઉપયોગી નીવડશે"

'આપનુ કહેવું સત્ય છે. હવે રાત પણ થોડીજ બાકી રહી છે માટે હું પણ જઇશ"

"ભલે ત્યારે, પણ કાલ રાત્રે દશવાગે આવવા માટે ભુલતા નહીં" મોહનસીંગે ફરી એકવાર સુચના કરી

"મને બરાબર યાદ છે હું કાલે દસવાગતાં જરૂર હાજર થઇશ" એટલુ કહેતા દેવેન્દ્ર મોહનસીંગને સલામ કરી પોતાના નીવાસે પાછો ફરવા માર્ગે પડયો. મોહનસીંગ પણ થોડીવાર સુધી તેજ જગ્યાએ ઉભો રહયો અને તે પછી બીજી દીશાએ ચાલતો થયો

પ્રકરણ બીજું. ભેદી મંત્રણા.

એક દીલ પાસે હતુ જેને ઉછેર્યું વ્હાલથી,
ઘાયલ થયુ તે પણ અરે લટકાળીઓની ચાલથી

રાત્રીનો સમય થતા ડીટેકટીવ દેવેન્દ્ર મોહનસીગને મળવા ઘેરમાંથી બહાર પડયો અને નીમેલા સ્થાને આવી ઉભો તે મોહનસીંગના આવવાની માર્ગ પ્રતિક્ષા કરતો અહીથી ત્યાં ફરતો હતો. એટલામા તેને સામેથી એક

માણુસ આવતો દેખાયો, તેની ચાલવાની ઢબ ઉપરથી કોઇ ધનાઢય પુરૂષ હોય એમ દેખાતું હતુ વળી તેને અગ કાર કરેલા પોશાક ઉપરથી તે અલકાપુરમા ઉંચ પદવી ધરાવતે. હોય એમ જાહેર થતું હતું આવનાર પુરૂષ હવે ડીટેક-ટીવની પાસે આવ્યો. અને એક પળવાર પણુ ખોટી ન થતાં તેણે દેવેન્દ્રને પોતાની પાછળ આવવાનો ઇશારો કરી આગળ વધવા લાગ્યો. આ નવીન આવનાર પુરૂષ બીજો કોઈજ નહીં પણ અલકાપુરનો વડો પોલીસ અમલદાર મોહનસીંગ હતો

ડીટેકટીવને પોતાની પાછળ ચાલ્યા આવવાને કહી મોહનસીંગ આગળ અને આગળ વધ્યેજ જતો હતો એટલામા આસપાસની ઝાડીમાંથી બે માણુસો બહાર કુદી પડયા અને મોહનસીંગને મારી નાખવા તેના અંગ ઉપર ધસી ગયા મોહનસીંગ પણુ અચાનક આવેલા સંકટથી બેબાકળો બન્યો છતા આપણો ચપળ જાસુસ દેવેન્દ્ર સમય નીહાળી પોતાના તીવ્ર ખજરને બહાર કાઢી મોહનસીંગને બચાવવા પેલા માણુસોના અગ ઉપર તુટી પડયો અને થોડા સમયમા તેના તે તરસ્યા ખજરની તૃષા મટી પેલા બન્ને પુરૂષો ભુમી ઉપર તડફડતા દેખાયા. મોહનસીંગ બચ્યો, છતા ડીટેકટીવનો આભાર માન્યા વિના તે ફરીવાર આગળ વધવા લાગ્યો મોહનસીંગને ચાલતો જોઇ જાસુસ પણુ પેલા માણુસોને ત્યાંજ પડતા મુકી મોહનસીંગની

પાછળ ચાલવા લાગ્યો ચાલતાં ચાલતા તેઓ બંને એક એકાત સ્થળે આવી ઉભા જ્યા મોહનસીંગ ઉભો રહ્યે', અને માયાળુ દ્રષ્ટિએ દેવેન્દ્ર સમક્ષ નીહાળતાં કહ્યુ, "મારા ભલા મિત્ર, ખચ્ચીત તમે એક વફાદાર પુરૂષ છો જો કે તમે મારા એક નહીં પરતુ બે માણુસોના રકત વિના વાકે રેડયા છે, છતા હુવે તમે મારી દ્રષ્ટિમા વિશ્વાસ પાત્ર ઠર્યા છો"

મોહનસીંગની વાત સાભળી લેતા ડીટેકટીવ આશ્ચર્યમા પોકારી ઉઠયો "ઓહો ત્યારે શુ તમે મને તપાસવા માગતા તા એમ ? ! ! !"

"જી. હા અને તમે તમારી તપાસમા પુરતી રીતે પસાર થયા છો હવે મારે તમને તમારા કાર્ય વિષે પરિચીત કરવા જોઇએ.

"ભલે, ત્યારે, જે કાર્ય મને સુપ્રત કરવુ હોય તે કહી સભળાવો અને શુભ પરીણામની વાટ જુઓ"

"સાભળો દેવેન્દ્ર, હમણા હું તમને એક એવી સુદર યુવતી પાસે લઇ જઇશ. જે યુવતી પોતાના સૌંદર્ય અને કોમળતા માટે જેટલો અહંકાર ધરાવે તેટલો ઓછોજ છે."

"ઓહો ત્યારે તો આજે ઘણીજ મઝા પડશે...મોહનસાગે ડીટેકટીવની વાત્તને અધવચ્ચે તોડી પાડતાં કહ્યુ." જુઓ, તમારે ત્યા એમજ દેખાડવુ પડશે, કે, તમે એક સૈનીક છો."

"દેખાવ કરવાની શી જરૂર છે ? હું પોતે ખરેખર એક સૈનીક એટલે કરનલ છુ જે ઓદ્દો મને મારી તલવારના પ્રતાપે સરકાર તરફથી પ્રાપ્ત થયો છે"

"એ પણ ઠીક છે" મોહનસીગે કહ્યુ "છતાં જુઓ, તમારે પેલી સુંદરીને પ્રેમ જાળમા સપડાવવી પડશે"

"આ તો મારા ડાબા હાથની રમત છે"

ડીટેકટીવે આનંદ પુર્વક ઉત્તર વાળ્યો

"પછી તે તમારે સપાટે જરૂરજ ચઢશે"

"વાહ ! એ તમે કેમ જાણ્યુ કે તે મારી પ્રેમ જાળમા સપડાઈ જશે ?"

"હુ પેલી કાવત્રખોર યુવતીને સારી પેઠે જાણુ છુ, તે અનેક પુરૂષો સાથે પ્રેમ સબંધ ધરાવે છે છતા હજી સુધી તેના હૈયાનો હાર કયો ભગ્યવાન થશે તે સમજાયું નથી."

"પણ તે છે કોણ ?" પુછ્યુ દેવેન્દ્રે

"એક મદ્રાસી બાનુ"

"અહ કોઈ પણ હોય. મને તેની દરકાર નથી હું જરૂર તેની સાથે પ્રેમ સબંધ સાધીશ"

"પેલી કામણગારી સાથે પ્રેમ સબંધ સાધવો તો રહેલ છે. પરંતુ તમારે એટલું યાદ રાખવાનુ છે કે એક નહી પરંતુ અનેક પુરૂષો તમારૂ રકત રેડવા તૈયાર થશે"

"અહુ, તે જોઈ લેવાશે" ડીટેક્ટીવે નિર્ભયતા દર્શાવી ઉત્તર વાળ્યો.

"બધા પુરૂષોથી તમારે લડવાનું નથી માત્ર બેજ વ્યક્તિઓથી સાચવી લેશો તો ગણુ તે પુરતુજ થશે"

"તે બે પુરૂષો કોણ છે ?"

"તે હુ તમને અન્ય વેળાએ દેખાડીશ"

"ઠીક છે, જેવી તમારી ઇચ્છા."

"દેવેન્દ્ર, જુઓ હુ ફરી એકવાર તમને ચેતવણી આપુ છુ કે જે કર્ય કરવા માટે તમને રોકેલા છે તે કાર્યમા ડગલેને પગલે મૃત્યુ સીવાય બીજુ કશુ પણુ તમે મેળવી શકવાના નથી"

"તે જોવાનું કાર્ય તમારૂ નથી હુ મારૂ કામ બહુજ સારી રીતે જાણી શકુ છુ.' ડીટેકટીવે બેદરકારી દર્શાવતાં ઉત્તર વાળ્યો.

"ઠીક છે, તમારૂં કામ તમે જાણો, પણ હા. અત્યારે જ્યા આપણે જઇએ છીએ ત્યા જો તમને લડાઇ પણુ કરવી પડે તો તમે શાંતજ રહેજો અને તમને કેદ થવું પડે તો પણુ સુલેહનો ભંગ ન કરતા કારાવાસમા જજો પછી હુ તમને મુક્ત કરવાના પ્રયત્નો કરીશ"

"જેવી આજ્ઞા" ઉત્તર મળ્યો.

"ચાલો ત્યારે હવે આપણે આગળ વધીશું," એટલુ કહેતાં મોહનસીંગ ચાલવા લાગ્યો અને દેવેન્દ્ર પણુ તેની

પાછળ પાછળ જવા લાગ્યો. થોડે દુર ગયા પછી તેમને એક ગાડી ઉભેલી દેખાઇ અને મોહનસીંગ તરતજ પેલી ગાડીમા ચઢી બેઠો ડીટેકટીવ પણ તેની પાછળ ગાડીમા ગયો. અને પેલી ગાડી પોતાના કીમતી બોજાઓને લઇ ચાલતી થઇ અને અલ્પ સમયમાં દેખાતી બંધ પડી.

પ્રિય વાંચક, આપણે આ બને પુરુષોને અહીંજ મુકી આપણી દ્રષ્ટિ બીજી ગમ ફેરવીશુ અને એક ભપકાદાર ઈમારતમાં થઇ રહેલી ગડબડ અને નાચરંગમા ભાગ લેવા જઇશું. આરસ પત્થરની આ ભવ્ય ઇમારતના બારી બારણામાથી બહાર આવતો વીજળીક પ્રકાશ આંખોને આજી નાખતો હતો. કેટલાક નોકર ચાકરો સ્વાદીષ્ટ વાણીઓથી પીરસેલા થાળો મેહમાનોને પહોચાડતા અહીંથી ત્યા દોડતા નજરે પડતા હતા બગીચામા ખીલી નીકળેલા પુષ્પો પરીમલ પ્રસરાવતા પરોણાઓને આનંદ આપતા હતા બગીચાની વચમા આવેલો ફુવારો ઝીણી ઝીણી જળ-ધાર ઉડાડતો શીતળતા પાથરી રહયો હતો દરેકે દરેક પુરૂષના મુખ ઉપર અત્યારે આનંદ છવાયેલો દેખાતો હતો. ગાડીઓની ધમાલ પણ ચાલુજ હતી. ગાડીઓમાથી ઉતરતા પરોણાઓની સ્વાગતાર્થે કેટલાક નોકરો ભપકાદાર પોશાકમા ગાડીઓના દરવાજા ખોલવા ઉભેલા દ્રષ્ટિગોચર થતા હતા. આ ભવ્ય મહેલના તે મોટા દરવાજા ઉપર અત્યારે એક

ગાડી આવી ઉભી રહી અને તરતજ એક નોકર તેનુ દ્વાર ઉઘાડવા આ ગ વધ્યો. રવાજો ઉઘાડતા તેમાથી બે પુરૂષો બહાર આવ્યા, અને તરતજ બગીચામાંથી ખીલેલા પુષ્પોની સુગંધી લુટત ઇમારતમા દાખલ થયા.

તે ભવ્ય અને સુશોભીત મહેલના દીવાનખાનામા થોડે થોડે છેટે સુદર યુવતીઓ પોતપોતામા ઠઠ્ઠા મશ્કરી કરતી આનદમા સમય પસાર કરતી નજરે પડતી હતી. બેઠેલી સુદરીઓ ઇદ્રિલોકનુ ભાન કરાવતી અને અપ્સરાઓને પણ બાજુએ રેહી યુવાનોના ચીતડા ચોરી લેતી પુર ઠઠેરામા બેઠેલી દ્રષ્ટિગો.ચર થ તો પેલા બે માણસો પણ હવે આ દીવાનખાનામા આવી ઉભા. જ્યાનો રંગરાગ જોઇ પેલા બંને પુરૂષોમાનો એક અવાચક જેવો ઉભો રહી ગયો તેના સાથીની દૃષ્ટિ તે પર પડતા તેણે તેને કોણી મારી સામે દેખાતી બારી પાસે ચાલવા કહ્યુ, કોણી લાગતાંજ જાણે પેલો માણસ સ્વપ્ન જોઇ ઉઠયો હોય તેમ બની ઉભો અને તરતજ પેલી સામે દેખાતી બારી પાસે વા આગળ વધ્યો થોડે જતા પેલી અપ્સરાઓની વચમા બેઠેલી એક આકર્ષક યુવતી ઉપર તેની દ્રષ્ટિ ચોટી અને ઘડીવાર તે ભાન ભુલ્યો છતા એક બીજી કોણી પડતા પેલી બારી આગળ જઇ ઉભો જ્યા આવતાજ તેના સાથીએ કહ્યુ, દેવેન્દ્ર આ તેજ યુવતી છે."

"નામ શું છે?"

"નીશાકુમારી."

નામ સાભળતા ડિટેકટીવની દૃષ્ટિ ફરી એકવાર તે કોમળાગીને જોવા ફરી, છતા ધારી ધારી જોવાથી કોઈને શકા ઉત્પન્ન થશે એમ ધારી મોહનસીગે ગજવામાથી કાળા રગના ચશ્મા કાઢી દેવેન્દ્રને આપતાં કહ્યુ.

"લ્યો આ ચશ્મા પહેરી પછી પેલી યુવતીને જુવો કે જેથી તમે કઈ દીશાએ જુઓ છો તે કોઇ સમજી ન શકે. હું હવે જાઉં છું અને થોડીવાર રહી પાછો આવીશ, છતા તમે સભાળતા રહેજો કોઇને શકા ન ઉપજે તેનુ ભાન રાખજો."

એટલુ કહેતા મોહનસીગ દેવેન્દ્રને ત્યાજ મૂકી માણસોના ટોળામા ભેળાઈ ગયો. તેના ચાલ્યા જતા દેવેન્દ્રે પેલા કાળા ચસમા લગાડયા અને તે ભોળી મુખાકૃતિ ધરાવનાર સુદરીને એકાગ્ર દૃષ્ટિએ નીહાળવા લાગ્યો. પેલી સુદરીને જોતા તે સમજી ગયો, કે આ યુવતી મદ્રાસી બાનુ નથી પરંતુ કોઈ ઉંચ કૂળની બંગાળી સુદરી હતી. નીશાકુમારીના ભોળા અને નિર્દોષ ચહેરા પ્રત્યે જોતા તેના હૃદયમા એક નવીન જાતનું દુઃખ ઉભું થયું તેના આસપાસના બે પરોણાઓ સાથે વાતચીત કરવામાં ઉચા નીચા થતા કોઈ કરો અને નેત્રના હાવભાવે તેનું હૃદય વીંધી નાખ્યું.

મનોહર દ્રષ્ટિએ તેના મન ઉપર પ્રેમની છરીઓ ફેરવી હતી સ્વચ્છ અને નિર્મળ અંતઃકરણ પેઠે તેના તે સ્વચ્છ અને નિષ્કલંક સૌંદર્યમા તેને દૈવી શક્તિ જણાઇ અને તે બળવાન પુરૂષ ભાન ભુલ્યો.

નિશાકુમારી લગભગ સોળથી સત્તર વર્ષની કુમારીકા હતી યુવાનીના ઉપવનની તે એક તરતનીજ ખીલી નીકળેલી કળી સમ ભાસતી હતી. કાળા ભ્રમર જેવા નેત્ર ઉપર સોનેરી ભવાએ પોતાની જાળ પાથરી મુકી હતી, સોનેરી રંગના તે વીખરાઇ ગયેલા સુવાળા કેશોમા દેવેન્દ્રને પોતાનુ મન સપડાએલુ દેખાયું તેની કોમળતાને દેવેન્દ્ર પોતાને અર્પી ચુકયો હતો ત્યા ઘણીએ લટકાળી યુવતીઓ બેઠેલી હતી. છતા તે સઘળાઓની વચ્ચે બેઠેલી અલોકીક હાવભાવથી વાતચીત કરનારી તે કામણગારી આસપાસ તારાઓ વચ્ચે બીરાજેલા ચંદ્ર સમ લાગતી યુવતીના નેત્ર કટાક્ષથી વીંધાએલો દેવેન્દ્ર હજી નિશાકુમારી પ્રત્યે જોતોજ ઉભો હતો, એટલામા મેહુનસીંગ દેખાયો અને તે નિશાકુમારી પાસે ઉભો રહી વાતચીત કરવા લાગ્યો

તેઓની વાતચીત અને ભાવથી દેવેન્દ્ર જાણી ગયેલકે તેઓ તેનીજ વાત કરે છે તેથી તેને ત્યા ઉભું રહેવુ વ્ય જખી ન લાગવાથી તે અહીંથી ત્યા આંટા ફેરા કરવા મંડી ગયો. થોડી વાતચીત પછી મોહનસીંગ દેવેન્દ્ર પાસે આવ્યો

અને તેને નિશાકુમારી પાસે લઇ જતા ઓળખાણુ કરાવી. બન્નેની દ્રષ્ટિ મળી. દ્રષ્ટિ મળતા હાથ ઉચકાયા અને સેક-હેન્ડ કરતાં એક બીજાના હાથ સાથે સ્પર્શ થતાં બન્નેના હૃદયમા વિચીત્ર વેદના ઉત્પન્ન થઇ. જેતે ત્યા બેઠેલા પરોણાઓમાના એક પણુ જાણી ન શકયા હાથ મળતાં બન્નેની દ્રષ્ટિ નીચી ઢળી અને દેવેન્દ્ર નું ઘાયલ થએલું હૃદય મોહનસીંગની દ્રષ્ટિ સમક્ષ તરવા લાગ્યુ

પ્રકરણ ત્રીજું. . કાવત્રાની શરૂઆત

રાત્રીનો સમય હતો. આકાશ ઉપર ચદ્રમાનો કયાયે પ-તોજ ન્હોતો. કોઇ અપ્સરાના નાગણુ કાળા કેસો, જેવો અધકાર ચોમેર પ્રસરી રહયો હતો સડક ઉપર માણુસોની આવ જા પણુ તદ્દન બંધ થયેલી જણુાતી હતી. અમે અમારા વાચકોને અત્યારે જે સ્થાને લઇ જવા માગીયે છીયે ત્યા તો સમશાન જેવી ગંભીર ચુપકીદી અને ઘડીયે શીતળ વાયુના આવતા ઝપાટા સીવાય બીજુ કશુંજ નથી. આવી ગભીર અધારી રાતના પવનના તુફાનમા અત્યારે પણુ બે માણુસો પોતપોતામા ધીરેધીરે વાર્તાલાપ કરતા ચાલ્યા જતા દ્રષ્ટિગોચર થતા હતા આવા એકાતમા પોતાનો માર્ગ કાપનાર તે બંન્નેમાથી એક તો આપણી વાર્તાના

નાયક ડીટેકટીવ દેવેન્દ્ર હતો, જ્યારે બીજો મોહનસીંગ હતો, જેઓ નીશાકુમારીને ત્યાં રંગરાગમાં ભાગ લઈ પોતાને નિવાસે જતા હતા

ચાલતાં ચાલતા મોહનસીંગે; દેવેન્દ્ર પ્રત્યે જોતા કહ્યું. દેવેન્દ્ર, "તમે પેલી યુવતી માટે શું ધારો છો ?"

"ધારવુ શું ? એજ કે પેલી ઉપરથી દેખાતી સુંદરી મહાન કાવત્રાખોર છે."

"આ પ્રપંચી યુવતી માટે જેટલી ચીંતા નામદાર સમ્રાટને છે, તેટલી તેમને પોતાના દેશ માટે પણ નહિ હશે." મોહનસીગે ગંભીરતાપૂર્વક કહ્યું.

"પણ દેખાવમા તે કેવી ભોળી લાગે છે ?"

"ચાલો, એ પણ ઠીક મને લાગે છે કે, તમે પણ તેના સપાટામા આવ્યા છો ખરા."

"મોહનસીગ ખરેખર એમાં શંકા નથી, કે પેલી કામણગારીએ મારા હૃદય ઉપર જીત મેળવી છે, છતાં હજી હું એટલી હદ સુધી તેની પ્રેમ જાળમાં સપડાયો નથી કે હું મારા બીજા કાર્યો પ્રત્યે ધ્યાન ન આપી શકું."

"તમે તેની પ્રેમ જાળમા સપડાઇ જાઓ કે બચો એ સાથે મને કશુંએ લાગતું વળગતું નથી. મને તો મારા કામ સાથે કામ છે."

"તે માટે તમે નિશ્ચિંત રહેજો દેવેન્દ્ર પોતાના કાર્યને

બીજી સઘળી બાબતોથી શ્રેષ્ઠ ગણે છે, અને જ્યા સુધી તે તેના અંત સુધી પહોચતો નથી ત્યા સુધી નીરાતે જ પીને બેસતો નથી."

"ઠીક, છે. કાલે તમને હુ સઘળી હકીકતથી પરિચીત કરીશ. આજે તમે તમારૂં કાર્ય બહુજ અચ્છી રીતે બજાવ્યુ છે, છતા અત્યારે મને તમારા માટે ઈર્ષા ઉપજી છે"

"તેવી ઇર્ષા ઉપજવાનુ કારણ ?"

"કારણ એ કે, જો હું તમારી જગ્યાએ હોત તો મને પણ તે યુવતી સાથે પ્રેમના લ્હાવા લુટવા મળત"

મોહનસીગના ઉચ્ચારેલા વેણ સાંભળી દેવેન્દ્ર કાંઇ પણ ન બોલ્યો તે મોહનસીંગની રીતભાતથી કેટલેક અશે પરીચીત થઈ ચુકયો હતો અને તે કપટીને પુરતી રીતે ઓળખી ચુકયો હતો

"તમને આવતી કાલે તમારો પગાર આપવામા આવશે" મોહનસીંગે કહયુ

"ના ના અત્યારે મને પગારની જરૂરત નથી. હુ મને સુપ્રત કરેલુ કાર્ય પૂર્ણ કર્યા પછીજ મારો પગાર લઈશ." દેવેન્દ્રે તરતજ ઉત્તર વાળ્યો.

ડીટેકટીવના મનમા અનેક શકાઓ ઘર કરી બેઠી હતી, જેથી તેણે પગાર લેવાની ના પાડી અને તેના ના પાડવાજ મોહનસીંગને શંકા ઉપજી અને તે પોતાના

મનમા વિચારવા લાગ્યો કે, "અત્યારે ડીટેકટીવને પોતાનું કાર્ય કરવાજ દઇશ, અને તેની પાછળ જાસુસો પણ છોડી મુકીશ. કારણકે નિશાકુમારી એક બ ગાળી અબળા હોવાથી દેવેન્દ્ર જરૂર પોતાના દેશ માટે તેને મદદ કરશે જો મારૂ કાર્ય પુરૂ થયુ તો ઠીક, નહીં તો દેવે દ્રને પણ સપડાવીશુ.

એક તરફ મોહનસીંગ પોતાના મનમા એમ વિચ રતો હતો, ત્યારે દેવ-દ્ર વળી મોહનસીંગને થાપ આપવાનો નિશ્ચય કરી બેઠો હતો આ બન્ને પોતપોતાને ડાહ્યા ગણુ-નારા પુરૂષો હવે ચાલતા ચાલતા એક સ્થાને આવી ઉભા કે જયા ચારે દીશાઓની સડકો મળતી હતી, ત્યા આવતા મોહનસીંગ ઉભો રહ્યો અને દેવેન્દ્રથી છુટો પડી બીજી દીશા તરફ જતી સડક ઉપર ચાલતો થયો. દેવેન્દ્ર હવે એકલો પડયો અને તે વિચારમા ને વિચારમા આગળ વધવા લાગ્યો હજી તે થોડેજ દુર ગયો હશે એટલામા કોઇએ તેને હાંક મારી ઉભા રહેવાનું કહયુ દેવન્દ્ર તરતજ ઉભો રહયો, એટલે પેલા આવનાર પુરૂષે કહ્યુ

"મહ શય, શુ આપનુંજ નામ કરનલ દેવેન્દ્ર છે?"

"હા, બોલો શુ કહેવા માંગો છો?"

'હુ આપણે તેડવા આવ્યો છુ'

"કોની તરફથી?"

"એક બાનુ તરફથી"

"તે બાનુનુ નામ ?"

"નિશાકુમારી"

નિશાકુમારીનુ નામ સાંભળતા તે વિચારમાં પડયો. કારણુ કે તે સુદરીથી છુટો પડવાને હજી તેને થોડાજ સમય થયો હતો દેવેન્દ્રને વિચારમા પડેલો જોઈ પેલો માણુસ પુન બોલી ઉઠયો, "કરનલ સાહેબ આપ સાથે અમારા બાનુને કાઇ અગત્યનું કાર્ય છે અને આપને તેથી હમણુાજ મળવા માગે છે"

"નિશાકુમારી કયાં મળશે ?" ડીટેકટીવે પ્રશ્ન કર્યો

"આપને એક ગુપ્ત માર્ગદ્વારા તેમના ઘરમા લઇ જવામા આવશે જયા નિશાકુમારી અત્યારે તમારી રાહ જોતા બેઠા છે"

'તો શુ મારે ચાલવુંજ પડશે "

'એક અબળાને મદદ કરવા તમે ના પડો એ અશકય છે"

"ઠીક, ચાલો ત્યારે હું ચાલુ છુ" પણુ હા, તમે કોણુ છો ?"

"હુ નીશાકુમારીનો નોકર છું"

"તમારૂં નામ ?"

"મારૂ નામ સામત છે"

"ઠીક ચાલો, હુ તમારી સાથે આવુ છું. પણુ એટલું

ધ્યાનમા રાખજો કે જો મને જરા પણ દગો દેખાયો, તો એક પલકારામા તમારૂ ડાકુ ધડથી જુદુ થઇ જશે” ડીટેકટીવે રોકડુ પરખાવ્યુ.

“સાહેબ, મને આપ સાથે દગો કરવામા શો લાભ ?” પેલા માણસે નમ્રાતાપુર્વક કહ્યુ

હેવે-દ્રે તેનો કાંઇ પણ જવાબ ન આપતા આગળ વધવા લાગ્યો તેને ચાલતા જોઇ પેલા માણસે તેને ઉભા રહેવાને કહી પાસેજ ઉભેલી એક ગાડી દેખાડતા કહ્યુ

“સાહેબ, ગાડી તૈયાર છે પગે ચાલવાની કાઈ જરૂર નથી”

ગાડીને જોતા તરતજ ડીટેકટીવ પાછો ફર્યો અને પેલી ગાડીમા ચઢી બેઠો તેના બેસતા પેલો નોકર પણ ગાડીમા બેઠો અને તરતજ ગાડીવાને ગાડી હાંકવાનો હુકમ માગ્યો આજ્ઞા મળતાંજ ગાડી સડસડાટ પોતાનો માર્ગ કાપતી દોડવા લાગી. આડા અવળા રસ્તાઓ ઉપરથી પસાર થતા હેવેદ્રને શંકા ઉપજી અને તે તરત સમજી ગયો કે જે સ્થળે તેઓ અત્યારે જવા માગે છે, તે પાસે હોવા છતા માત્ર તેને થાપ આપવા ગાડી આડે અવળે રસ્તે થઇને લઇ જવામા આવે છે. શંકા ઉપજતા તે જરા સંભાળીને બેઠો અને પોતાની પીસ્તોલને તપાસી જાણે કાંઇ બન્યું ન હોય તેમ આંખ વીચામણા કરી ગયો.

ગાડી હવે એક ઈમારત પાસે આવી અટકી અને સામંતે ડીટેકટીવને ઉતરવાનુ કહી પોતે પણ બહાર કુદી પડયો ગાડીમાથી ઉતર્યા પછી તે ડીટેકટીવને સાથે લઇ પેલા ઘરમા ગયો અને એ સુશોભીત દીવાનખાનામા આવી ઉભો દિવાનખાનામા આવતા તેણે દેવેન્દ્રને ત્યાંજ થોભવાનુ કહી ચાલ્યો ગયો ડીટેકટીવ હવે એકલો પડયો અને એકાતમા તે દીવાનખાનાના શૃગારને નીહાળતો ઉભો હજી તેને ઉભે થોડીજ વાર થઈ હશે એટલામા અચાનક બાજુનો દરવાજો ખુલ્યો, અને એક બળવાન પણ ભુડ જેવો દેખાતો પુરૂષ પોતાના હાથમા બે નગ્ન તલવારો સહીત દાખલ થયો

તે એકદમ ચમકી પાછો હઠી ગયો ને તેના મ્હોમાથી બે શબ્દો સરી પડયા દગો.

પ્રકરણ ચોથું. મદ્રાસી કોણ?

પેલો ભુડ જેવો દેખાતો પુરૂષ હવે દેવેન્દ્રની લગોલગ આવી ઉભો અને મોટે સાદે કહ્યુ ‘તમે તો એક યુવાન અલબેલી સુદરીને જોવાની ઈચ્છાએ અહી આવ્યા હશે’, પણ મને જોતા તમને અજાયબી તો ઉપજી હશે?”

“એમા વળી અજાયબી શાની?” દેવેન્દ્રે નિર્ભયતા દર્શાવી.

"શુ તમને જરા પણ નવાઈ નથી ઉપજી નથી?" પ્રશ્ન થયો.

"ના, જરા પણ નહિ. તમારા જેવા હીચકારા અને નિર્વીર્ય પુરૂષો સાથે મને અનેકવાર ભેટો થયો છે, પરતુ પરમેશ્વરની કૃપાથી એવા બાયલાઓથી હુ જરા પણ ડર્યો નથી"

દેવેન્દ્રે બળતામા તેલ હોમ્યુ પેલો માણસ હવે ક્રોધાગ્નિમા બળવા લાગ્યો અને પોતાની તલવારને હાથમા મજબુત પકડી દેવેન્દ્રને દેખાડતા કહ્યુ, "આ તલવા જોઇ લ્યો, અને તમારી જીંદગીથી હવે હમેશને માટે હાથ ધોઇ બેસો"

"મે કુત્રાઓને ભસતા જોયા છે, પણ કરડતા સાભળ્યા નથી" ડીટેક્ટીવ ઠડે કાળજે બોલી ઉઠયો

"મદમા ભાન ભુલેલા છોકરા, તારી લબાડ જીભડી સંભાળ નહીં તો યાદ રાખજે કે તારા હાલ કુતરા કરતા પણ ખરાબ થશે" નવીન પુરૂષ ક્રોધમા ઉછળી પડયો, છતાં તેના ક્રોધની જરા પણ પરવા ન કરતા ચપળ જાસુસ હજી પણ શાત ઉભો રહ્યો, અને કહ્યું "તમે ભલે ગુસ્સામા લાલ થાઓ અને મને અપમાન કરે, પણ એટલું યાદ રાખજો કે તે તમને ભારે પડી જશે"

નવીન પુરૂષ હવે ક્રોધાધીન રહી ન શકયો તેણે હાથમાં ધરેલી તલવાર ઉચકી સામે ઉભેલા જાસુસને મારવા તેના

અંગ ઉપર ધસી ગયો છતા તે હાર્યો. દેવેન્દ્ર તરતજ ગજવામાથી એક પીસ્તોલ કાઢી સામે ધરતા કહયું. "બસ. એક ડગલું પણ આગળ વધવાની હિંમ્મત ના કરત, નહીં તો યાદ રાખજે કે હું તમને આ લોકમાંથી પરલોકમાં મોકલી દઇશ"

દેવેન્દ્ર હાથમા પીસ્તોલ લઇ ઉભેલો જોતાજ પેલો માણુસ સ્તબ્ધ બની ગયો અને બોલી ઉઠયો

"હરામખોર નોકરને કહ્યુ હતુ કે એના સઘળા હથીઆરો છીનવી લે જે... ..."

"તમે ગુસ્સે શા માટે થાઓ છો ?" પેલા માણુસની વાતને અધ વચ્ચે તોડી પાડતા દેવેન્દ્ર બોલી ઉઠયો. "તમારા માણુસે તો હથીયાર છીનવી લેવા પ્રયત્નો કર્યા હતા. પણ બીચારો જરાએ ફાવ્યો નહીં. અત્યારે હું પણ એક ડીટેકટીવ છુ નહીં કે તમારા જેવો બેઠા બેઠા હરામનો ખીચડો ખુટાવી પૈસાનો ધુમાડો કરનાર આળસુ ઢોર છું"

દેવેન્દ્રને મદ્રાસી ભાષા સમજતાં જોઇ પેલો માણુસ જરા ગભરાયો અને પુછયું. "શુ તમે મદ્રાસી ભાષા સમજો છે ?"

"હા, હું મદ્રાસી ભાષા સમજું છું પણ મદ્રાસી હરામખોરી અને કાવત્રાથી અંજાણુ છું. અને તે જાણુવા માટે મારો કીંમતી સમય ખોવા પણ નથી ઇચ્છતો."

"શું તમે પોતાને કોઇ બળવાન પુરૂષ ધારો છો?"

"માત્ર એટલી હદ સુધી કે એક કાવત્રાખોરના નીચ હુમલાથી પોતાને બચાવી શકું."

"બચાવ?! બચાવ વળી કેવો? હું કાંઈ તમારા પ્રાણુ લેવા નથી માગતો"

"ના, રે ના હુ ક્યા કહુ છુ કે તમે મારા પ્રાણુ લેવા માગો છો. તમે તલવાર લઇને મારા અગ ઉપર માત્ર મશ્કરીમ'જ ધસી આવ્યા હતા

"હુ માત્ર તમને ઘયલ કરવા માગતો હતો"

'કયા દ્વેષ માટે તમે મને ઘાયલ કરવા માગતા હતા?"

"હુ તમને ધિક્કારૂ છુ તેથીજ"

"ઠીક, તમે મને ભલે ધીક્કારો, પણ હવે કૃપા કરી તમે તમારી મુળ મતલબ સમજાવે. કારણુ કે હવે સમય પણ ઘણો વીતી ગયો છે."

"હુ તમારી સાથે દ્વદ્વ યુદ્ધ રમવા માગું છુ." નવીન પુરૂષે ઇચ્છા દર્શાવી.

"પણ યુદ્ધ કરવાનુ કાંઈ કારણુ?"

"કારણુ એજ કે તમે નિશાકુમારી સાથે વાતચીત કરવાની હીમ્મત કરી છે"

"તો શુ નિશાકુમારી સાથે વાત કરવા માટે તમે મારા પ્રાણુ લેવા માગો છો?"

"તમે ખરેખર એક હીચકારા જણાઓ છો." નવીન પુરૂષ કંટાળ્યો.

"જરા ધીરા પડો. તમારા મીરજન ગાડને જરા ઉભા રાખો હુ તમારી સાથે લડીશ, અને જરૂર લડીશ."

"ત્યારે તલવાર શા માટે ઉચકતા નથી ?"

"હુ તો મારી પીસ્તોલથીજ તમારો મુકાબલો કરીશ અને તમને સ્હેલાઇથી આલોકના દુખમાથી મુકત કરી પરલોકમાં રવાના કરીશ."

"હા, બાયલા બંગાળીઓ પીસ્તોલનુ નામ જરા જરામાં ઉચ્ચારે છે, પણ મદ્રાસી વીર પુરૂષો પેઠે તેઓ તલવાર ઉચકવાનુ જાણતાજ નથી"

"હયો, ત્યારે હુ તમારી સાથે તલવારથીજ દ્વંદ્વ યુદ્ધ કરીશ" દેવેન્દ્રે હજી પણ શાતીમાજ ઉત્તર વાળ્યો.

"શુ તલવારથી લડશો ?"

"હા, મારી પવિત્ર પીસ્તોલને તમારા જેવા દુષ્ટ અને કાવત્રાખોર પાપીના અપવિત્ર લોહીમા ખરડું એમ હું પોતેજ નથી ઇચ્છતો, પણ તમારી તલવારથીજ તમને હંમેને માટે શાત કરૂ." એટલુ કહેતા દેવેન્દ્ર આગળ વધ્યો, અને પાસે પડેલી તલવાર ઉચકી સામે ઉભો રહ્યો

પેલો મદ્રાસી પણ એક અચ્છો લડવૈયો હતો. તેને પોતાની તલવારબાજી ઉપર એટલું તો અભીમાન હતું કે

જયારે તેણે દેવેન્દ્રને તલવાર ઉચકતા જોઈ ત્યારે તેના ઓષ્ટ ઉપર એક મદ હાસ્ય પ્રસરી રહયું.

બન્ને હરીફાએ પોતાની ચળકતી તલવારો ઉંચકી પગલા માપી સામસામા ઉભા રહયા તલવારબાજી શરૂ થઈ અને પેલો મદ્રાસી દેવેન્દ્ર પર પહેટો હુમલો કરવા કુદી પડયો પણ દરેક વાર જે મદ્રાસી તરફથી થતો તેને દેવેન્દ્ર ઘણીજ ચપળતાથી રદ કરતો હતો જયારે મદ્રાસી પોતાના સઘળા પ્રય ને અજમાવી ચુકયો અને તેમા લડ-વાની તાકાત રહી નહીં ત્યારે દેવેન્દ્રે કહયુ, "હવે હુશીયારી જાળવો આ બગાળીના હાથનો સ્વાદ તમારા છેલ્લા શ્વાસે ચાખવા તૈયાર રહો"

એટલુ કહેતા ડીટેકટીવ મદ્રાસીના અગ ઉપર ધસી ગયો. તેને અચાનક હુમ્લો કરતા જોઈ અભીમાની મદ્રાસી ગભરાયો અને બુમ મારી ઉઠયો, "જરા થોભો, માત્ર એકજ પળ થોભો"

પોતાની તલવારને પછી ખેચી લેતા ડીટેકટીવે કહ્યુ, જેવી તમારી ઇચ્છા"

ડીટેકટીવે તલવાર નીચી નમાવતાં મદ્રાસીને કહયું, "પહેલા એ કહો કે તમારે કઈ કહેવુ છે?"

"કઈ કહેવુ છે? એટલે?" મદ્રાસીએ આશ્ચર્ય દર્શાવતાં પુછયું.

"એટલે એમ કે આ યુધ્ધમા જો કદાચ તમે માર્યા જાઓ તો પછી જે ઇચ્છા તમે ધરાવતા હોવ તે પણ સાથેજ લેતા જશો, અને તેમજ બને તે માટે હું તમને પુછું છું કે તમારે કાઇ કહેવું હોય તો કહો કે જેથી હુ તમારી ઈચ્છા તમારા માર્યા જવા પછી 'પુર્ણ' કરી શકુ"

"ઓ, હો, હવે સમજાયુ. ખરેખર તમે ઘણાજ કૃપાળુ છો, પણ હુ કાંઈ આપઘાત કરતો નથી"

"હા. આપઘાત કરતા નથી, તો પણ આ લડાઇ એવી છે કે જેમાં વિજયદેવી મનેજ વિજયમાળા આરોપશે અને હુ તમારા પ્રાણ હરીશ"

જો તમને એવી ખાત્રીજ હોય તો હુ તૈયાર છુ" મદ્રાસીએ નિર્ભયતા દર્શાવી

ફરી એકવાર તલવારો ઉચકાઈ અને યુધ્ધ શરૂ થયું તલવારો ઉપડતાંજ કાવત્રાંબાજ મદ્રાસી એકાએક દેવેન્દ્ર પર તુટી પડયો પણ ચપલ દેવેન્દ્ર હુશીઆરજ ઉભો હતો તેણે મદ્રાસીના વારને બાજુએ ખસી જતા રદ કરી અંગ ઉપર ધસી ગયો યુધ્ધ હવે બરોબર જામ્યુ પોતપોતામાં એક બીજાના ઉપર વાર રદ કરતા તેઓ લડયા જતા હતા બન્ને યોધ્ધાઓ તલવારબાજીમાં પ્રવિણ હોય તેમ લાગતું હતુ. જેટલી ચપળતા તે મદ્રાસીમા હતી, તેથી વધુ આપણો દેવેન્દ્ર ધરાવતો હતો અને તેથીજ અલ્પ સમયમા તે

મદ્રાસીના અંગને તલવાર લગાડી અને તરતજ તેના અંગમાંથી રક્ત ધાર વહેતી થઇ. બરાબર લાગ જોઇ ડીટેકટીવે તેને ભુમી ઉપર નાંખી દીધો અને થોડીવારમાં દેવેન્દ્ર તે મદ્રાસીની છાતી ઉપર ચઢી બેઠો.

મદ્રાસીએ જ્યારે ડીટેકટીવને પોતાની છાતી ઉપર ચઢી જાન લેવાની તૈયારીમા દીઠો, ત્યારે તેણે ઘણીજ નમ્રતાથી, હાથ જોડી કહ્યુ "વીર દેવેન્દ્ર મારા પ્રત્યે દયા દર્શાવો અને તમારા પંજામાથી મુકત કરી જીવતદાન આપો"

તલવારને બાજુએ ફેંકતા દેવેન્દ્રે કહયું "જાઓ આ વેળાએ તો હું તમને જતો કરૂ છું અને તે સાથે ભલામણ પણ કરૂ છું કે અન્ય વેળાએ કોઇ સાથે કામ પાડો તે અગાઉ બોલતા વિચાર કરજો" એમ કહેતાં ડાટેકટીવ પેલા મદ્રાસીની છાતી ઉપરથી ઉઠયો અને તે સાથેજ મદ્રાસા પણ ઉઠી ઉભો થયો કપડા ઉપર લાગેલી ધુળને સાફ કર્યા પછી પેલા મદ્રાસીએ કહ્યુ "વ્હાલા દેવેન્દ્ર, આજે હું તમારો આભારી થયો છુ. અને મને જીવતદાન આપવા માટે જીંદગી પર્યંત સેવક થવાને લાયક ઠર્યો છું" એટલું કહેતા તે પાસેજ પડેલી એક મેજ અગાળ ગયો, અને તેમાથી એક ચળકતી મુદ્રિકા કાઢી ડીટેકટીવને આપતાં કહ્યુ, લ્યો આ તમારી પાસે રાખો જયારે પણ તમે કોઇ સંકટમા આવી પડો ત્યારે આ વીંટી બતાવી જોઇએ તેવી

મદદ મેળવજો. આ માત્ર મારી એક નીર્જીવ નીશાની છે, જેનો તમે સ્વીકાર કરશો એવી આશા રાખું છુ."

દેવેન્દ્રે મદ્રાસીનો આભાર માનતા પેલી વીંટી ગજવામાં રાખી લીધી અને પુછયું, "મહાશય હું એ જાણી શકીશ કે આજે હુ કોને ત્યાં આવ્યો હતો?"

"તે જાણવાની ઇચ્છા તમારે દબાવી દેવી જોઈએ, તેમ વળી મારૂં નામ જાણ્યા પછી પણ તે ઉપયોગી ન હોવાના કારણે તમે તે જાણવા માટે પ્રયત્ન પણ નજ કરતાં" એટલુ કહેતા પેલો મદ્રાસી જાણે ડીટેકટીવ પાસે હવે ઉભો રહેવા માગતોજ ન હોય તેમ વ્યાકુલ વદને સલામ કરી ચાલતો થયો દેવેન્દ્ર ત્યાંજ ઉભો રહયો અને થોડીવાર રહી તે પણ પોતાને ઘેર જવા ઉઠયો. ઉઠતા ઉઠતા તે વિચાર કરવા લાગ્યો કે, **આ મદ્રાસી કોણ? કદાચ મોહનસીંગ તો ન હોય?**

આમ વિચાર કરતો તે ઘર તરફ પાછો ફર્યો.

પ્રકરણ પાંચમું. દુઃખીને દિલાશો.

પ્રભાત કળ થઇ ચુકયો હતો, સુર્યનારાયણ પોતાના તેજસ્વી કીરણો ધીરે ધીરે સૃષ્ટિની સપાટી ઉપર પાથરી રહયા હતા પક્ષીઓ આનદમય કલરવ કરતા દષ્ટિગોચર થતા હતા, માણુસોની આવજા પણ સડક ઉપર ધીરે

ધીરે વધતી જતી હતી, કામ ધંધે જનાર પુરૂષો ઉતા-વળે રસ્તો કાપતાં નજરે પડતા હતા, છતાં ડીટેકટીવ રાત્રીના ઉજાગરાને લીધે અત્યાર લગી નિદ્રાદેવીના ખોળા-માજ પડયો હતો. લગભગ અગીઆર વાગતા તે ઉઠયો અને ભોજન ઈત્યાદી વસ્તુઓથી તૃપ્ત થઇ, ઝડપથી કપડા બદલી મોહનસીંગને મળવા રસ્તે પડયો. મોહનસીંગને ઘેરે પહોચતાંજ તેણે તેને મળવાની ઈચ્છા દર્શાવી અને તરતજ તેને અંદર લઇ જવામાં આવ્યો દેવેન્દ્રને જોતાજ મોહનસીંગ સભ્યતા ખાતર પોતાની બેઠક ઉપરથી ઉભો થયો અને ફરીવાર પોતાની બેઠક લેતાં તેણે પુછયુ, દેવેન્દ્ર, આજે તમે કાંઇ સુસ્ત દેખાઓ છો ?"

"જી, હા, રાત્રે જરા વધારે જાગ્યો છું. તમારાથી વીખુટો પડતાજ એક માણસ મારી પાસે આવ્યો, અને મને પોતાની સાથે તેડી ગયો; જ્યા મને થોડીવાર યુદ્ધ પણ કરવુ પડયું હતું."

"ત્યા કોની સાથે લડાઇ થઇ હતી ?" મોહનસીંગે આશ્ચર્ય દર્શાવતાં પુછયું

"હુ તેના નામથી પરિચીત નથી પણ તેની વાતચીત ઉપરથી એમ સમજાય છે કે, તે પણ નિશાકુમારીના સંબંધમાં આવનારાઓમાંનો એક હતો."

"ત્યારે તમારી સાથે કાવત્રું રચવામા આવ્યુ હોય એમ હું ચોકકસ કહી શકું છું." મોહનસીંગે ગોળો ફેંકયો.

મોહનસીંગની વાત સાંભળી હેતાં ડીટેકટીવ આશ્ચર્ય સાગરમા ગોતા ખાવા લાગ્યો. થોડીવાર સુધી તો તે કાંઇ પણ બોલી ન શકયો થોડીવાર રહી તેણે દ્રઢતાપૂર્વક કહ્યુ "આ વાત માન્ય રાખવાને હું ચોખ્ખી ના પાડું છું."

"હા અત્યારે તમે ના પાડશોજ. કારણકે તમને કોઈપણ બાબતની માહીતી નથી"

"પણ મારો જાન લેવાથી નિશાકુમારીને શો લાભ થાય?" ડીટેકટીવે સવાલ કર્યો.

"હા સાંભળો નિશાકુમારીને એમ લાગ્યું હશે કે, તમે તેના કોઇ એકાદ ભેદથી જાણીતા છો. અને તેથીજ તે તમને મારી નાખવાની ગણત્રીમાં હશે. બોલો હવે કાંઈ સમજ પડે છે?"

દેવેન્દ્રને તરતજ વિચાર થયો કે મોહનસીંગનું કહેવું કેટલેક અંશે ખરૂં પણ હોય. હજી તે એજ વિચારમાં હતો એટલામાં તેની દ્રષ્ટિ આગળ નિશાકુમારીની સૌંદર્યમય ભોળી મુર્તી તરવા લાગી તેના વિચારોમા પરિવર્તન થયું અને તેણે મોહનસીંગ પ્રત્યે દ્રષ્ટિ ફેંકતા કહ્યું, "મહાશય આ વિષયમાં તમે કદાચ ભુલ કરો છો, એમ મને લાગે છે"

"અફસોસ, તમે તમારૂં મનડું નીશાકુમારીને સંપુર્ણ રીતે અર્પણ કરી ચુકયા છો, એમ મને લાગે છે. હું ખરૂં કહુ છું કે પેલી સુદર પણ કપટી નાર તમારા પ્રાણ હરવા

વ્યાકુળ થઇ રહી છે. હજી પણ મારૂં માનો અને તમે તમારી પુરતી સંભાળમાં રહો."

નિશાકુમારી માટે ઉચ્ચારાતાં અપશબ્દો જાણે દેવેન્દ્ર સાંખી ન શકતો હોય તેમ તેણે વાતને ફેરવી નાખતા કહ્યું, "મોહનસીંગ, આ વાતચીત અહીંજ પડતી મુકો તો ઠીક, અને હવે કહો જોઇએ કે, હું તમારા કયા કાર્ય કરવાથે નોકરીએ રહ્યો ?"

હાલમાં હું તે જણાવી શકતો નથી પણ હા. તમે તે થોડાજ દીવસમા જાણી શકશો, છતા જુઓ, આજે તમને નિશાકુમારી બોલાવશે, માટે તમે સંભાળમાંજ રહેજો." ફરી પ તેજ વાત ઉપર આવતા મોહનસીંગે કહ્યું.

"શું તમન થમથીજ ખબર પડી ગઇ કે નિશાકુમારી મને આજે જરૂર બોલાવશે ? દેવેન્દ્ર આશ્ચર્ય દર્શાવતાં કહ્યું"

"કાંઇ સઘળી બાતમીઓ મને મળવા પામી નથી; છતાં જેટલુ જાણુ છું, તે ઉપરથી તમને ચેતવણી આપવાનું ઉચીત ધારૂં છુ."

મોહનસીંગની ગોળગોળ વાતો દેવેન્દ્રના ફળદ્રુપ ભેજામાં ઉતરી નહીં. તેને અનેક વિચારો આવવા લાગ્યા અને તે વિચારમાં એમને એમ શાંત બેસી રહ્યો. થોડી વાર રહી જાણે તે કાંઇ છેવટ ઉપર આવ્યો હોય તેમ ઉઠી ઉભો થયો, અને ઘેર જવાની ઇચ્છા દર્શાવી. મોહનસીંગની

રજા મેળવી ત્યાંથી બહાર પડયો. હજી પણ તે વિચાર-માંથી મુકત થઇ શકયો ન્હોતો. હાલ તે મોહનસીંગ વિષે વિચારતો હતો. તે વારે ઘડીએ પોતાના મનને અનેક પ્રશ્નો પુછતો અને કોઇ પ્રશ્નનો ઉત્તર મળ્યો હોય તેમ તે શાંત થતો તો વળી કોઇ વેળાએ તે ગુચવણમા આવી પડતો. ચાલતાં ચાલતા તેને એક નવીન વિચાર આવ્યો કે મોહ-નસીંગે પોતાને સરકારની નોકરીમાં રાખ્યા છતાં જેટલી વાતચીત તેની સાથે થઇ છે, તે ચોકી ઉપર ન થતાં આડે અવળે થઇ છે અને કોઇપણ રાજદ્વારી વાતચીત સડક ઉપર કે અન્ય સ્થાને થાય એ અસભવીત છે. અને તેથીજ સરકારના નામ હેઠળ મોહનસીંગે પોતાનું કોઇ કાર્ય કાઢી લેવા તેને પોતાની ઢાલ બનાવી રહ્યો છે એવો વિચાર આવતાં દેવેન્દ્ર ક્રોધમા કંપી ઉઠયો અને જરા ઉંચા સ્વરે પોતાના મન સાથે બબડવા લાગ્યો, "મોહનસીંગ, જો તને મારી સાથે દગોજ રમવો હોય તો ભલે રમજે, પણ હું તને દેખાડી આપીશ કે બંગાળીઓ પણ બીજાના નાક, કાન ઘણી સરળતાથી કાપી જાણે છે બેટા મોહનસીંગ તું ભલે ગમે તેવો હોય છતાં એટલું યાદ રાખજે કે તને ડીટેકટીવ દેવેન્દ્ર સાથે કામ પડયું છે. તેં મને નથી ઓળખ્યો પણ હવે બરાબર ઓળખી લેજે."

એજ વિચારમાં ને વિચારમાં તે ઘેર આવ્યો અને થોડીવાર સુધી વિશ્રાંતી લેવા પલંગ ઉપર જઇ સુતો છતાં

હજી સુધી તેના તે વિચારો નાશ પમ્યા ન્હોતા, તે વ્યાકુળ વદને ત્યાથી ઉઠયો અને બહાર આવ્યો. દીવસ એમને એમ ફરવામાજ તેણે ગાળ્યો અને છેવટે સધ્યા કાળે તેને એક હોટલનો આસરો શોધ્યો ને ક્ષુધા શાંત કરી ખાઇ પી જેવો તે હોટલમાંથી બહાર પડયો કે એક માણસ તેને સામે મળ્યો, અને એક પત્ર દેખાડતા તેણે પુછ્યુ, "શું આપનુંજ નામ દેવેન્દ્ર છે?"

"હા, બોલો શુ કહેવા માગો છો?"

દેવેન્દ્ર નામ સાભળતાં પેલા માણસે તેના હાથમા એક પત્ર મુકયો અને તરતજ તે ત્યાથી રવાના થયો. તેને જતો જોઇ દેવેન્દ્રે હાંક મારી તેને ઉભો રહેવા કહ્યુ અને તરતજ તે માણસ પાસે પહોચતા તેણે પુછ્યું, "આ પત્ર કોણે આપ્યો?"

"આપ, મહાશય પોતેજ વાચ્યા પછી જાણી શકશો."

"ઠીક ત્યારે તમે જાઓ" એટલું કહેતા દેવેન્દ્રે પત્ર ગજવામા સેરવી દીધો અને ફરી એકવાર તે પોતાના રહેઠાણે પાછો ફર્યો. ઘેર આવતાં તેણે તે પત્ર ખોલ્યો અને વાચવું શરૂ કર્યું —

વ્હાલા દેવેન્દ્ર.

આજે રાત્રે લગભગ અગીઆર વાગે એક માણસ તમને રાજમહેલરોડ આગળ મળશે તમને એક છુપે રસ્તે મારી આગળ લઇ આવશે. તમારા વતનની એક

નીરાધાર અબળાને સ્વદેશની યદ હેયે ધરી મદદ કરવા આવશો એવી આશા છે.

નિશાકુમારી

રાત્રીનો સમય હતો. લગભગ અગીઆરનો સમય હતો ડીટેકટીવ દેવેન્દ્ર પોતાના ઘરમાં કોઇ વસ્તુ ગજવામાં રાખતો નજરે પડતો હતો. તે શું હતું? એક નાનકડી પીસ્તોલ ડીટેકટીવે પોતાના તે અબોલા મિત્રને એક ગુપ્ત ગજવામા સેરવા દીધી, કે કદાચ દગાનો ભોગ થઇ પડતા તેને તે ઉપયોગમા લાવી શકે પીસ્તોલને ગજવામાં મુકી તે નિશાકુમારીના પત્રમા દર્શાવેલા સ્થાન ઉપર જવા રસ્તે પડયો જ્યા આવતા તેને વધુવાર ખોટી થવું ન પડયું નિશાકુમારીનો માણુસ ત્યા હાજર હતો, અને તરતજ દેવેન્દ્ર તે માણુસ સાથે નિશાકુમારીને મળવા જવા આગળ વધવા લાગ્યો. હજી તે થોડેજ દુર ગયો હશે કે તેને એક બીજા માણુસ સાથે ભેટો થયો જેને જોતા ડીટેકટીવ પોકારી ઉઠયો, "કોણુ મોહનસીંગ?"

"ઓહો તમે મને પારખી પણુ લીધો?"

"એ વળી કયું મુશ્કેલ કાય હતું?"

"કેમ શું નિશાકુમારી મળવા જાઓ છો?"

"જી, હા, ત્યાજ જાઉ છું."

"ભલે જાઓ પણુ સંભાળમાંજ રહેજો."

"તે માટે તમને કહેવું પડે એમ નથી."

"ઠીક, ત્યારે જાઓ, હું પણ હવે જઇશ."

એટલું કહેતાંજ મોહનસીંગ બીજી બાજુએ જતી એક સડક તરફ ફર્યો અને ચાલતો થયો.

પ્રકરણ છઠું. ડીટેકટીવ અને નિશાકુમારી

હેવેન્દ્ર પોતાને લેવા આવનાર માણસ સાથે નિશાકુમારીને મળવા આગળ અને આગળ વધ્યોજ જતો હતો. રસ્તામાં ચાલતા ચાલતાં એક વખત દગાનો ભોગ થઇ પડેલ ડીટેકટીવને પેલા માણસ પ્રત્યે શંકા ઉપજી, અને તેણે તેને અજમાવી લેવાનો નિશ્ચય કર્યો તરતજ ગજવામાથી પીસ્તાલ કાઢી પેલા માણસ સામે ધરતા તેણે કહ્યું, "તમે જાણો છો કે મારી સાથે જો જરા પણ દગો થયો તો શું થશે ?"

પીસ્તોલને જોતા પેલો માણસ ધ્રુજવા લાગ્યો અને કંપતા સ્વરે હાથ જોડી તેણે દેવેન્દ્રને કહ્યું, "દયા, દયા, કૃપા કરી તમારી પીસ્તોલને જરા બાજુએ કરો, એને જોઈ મારા પ્રાણ નીકળી જાય છે"

"કેમ ? શું થયું ? મને પણ તમે કોઈ બાળક સમજી બેઠા છો ?"

"મહાશય જો આપને મારા ઉપર વિશ્વાસ, ન હોય તો આપ ભલે પીસ્તોલ હાથમાં રાખો અને.......

હજી તે માણુસ બોલી પણ ન્હોતો રહયો, એટલામાં તો તેની વાતને અધવચ્ચે તોડો પાડતા દેવેન્દ્ર બોલી ઉઠયો "બસ, ગુપચુપ આગળ વધો. હુ તમારી એક વાત સાંભળવા નથી માંગતો."

ડીટેકટીવના પેલા માણુસ પ્રત્યે શકા લઇ જતાં તે જરા નારાજ થયો. છતા લાચારીએ તે ફરી એકવાર આગળ વધવા લાગ્યો થોડીજવારમા તેઓ બન્ને એક ઇમારત પાસે આવી ઉભા અને સામે દેખાતા દ્વાર દ્વારા અદર દાખલ થયા. બે, ત્રણુ ઓરડાઓ પસાર કર્યા પછી તેઓ એક મોટા દીવાનખાનામા આવી ઉભા. ત્યાં આવતાજ ડીટેકટીવના સાથીએ કહયુ, "સાહેબ, આપ એક ગૃહસ્થ છો અને મારા માનવતા બાનુને મળવા સબધે કૃપા કરી કાઈ આગળ પણુ વાત નહિ કરવાનુ' વચન આપો"

તરતજ દેવેન્દ્રે તેને વચન આપ્યુ' અને પેલા માણુસને પણુ જાણે સ'તોષ થયો હોય તેમ દેવેન્દ્રને લઇ તે ફરી આગળ વધવા લાગ્યો એક બીજી ઓરડીમા જતાં દેવેન્દ્રના સાથીએ એક ચાપ દાબી અને તરતજ ત્યા એક ગુપ્ત દ્વાર દ્રષ્ટિએ પડયો. તેઓ બન્ને તેમા દાખલ થયા. સામેજ એક સીડી દેખાઇ. સીડી ઉપરથી ઉતરી તેઓ

સામેજ દેખાતી એક લાંબી ચાલમાં પોતાનો માર્ગ કાપવા લાગ્યા. લાંબી ચાલ વટાવી તેઓ એક ખુલ્લા ચોગાનમાં આવી ઉભા, જ્યા આવતાંજ ડીટેકટીવના સાથીએ કહ્યું, "ડીટેકટીવ સાહેબ, હવે નીરાત વળી. આપણે સહીસલામત આવી પહોંચ્યા છીએ.

"ઠીક છે, ચાલો ત્યારે હવે આગળ વધો કે જેથી તરતમાંજ તમારો નીશાકુમારી સાથે મુલાકાત લઇ શકશો પણ જુઓ એટલું યાદ રાખજો કે જરા પણ દગો કરવાનો વિચાર કર્યો તો કાલનો ઉગતો રવી તમે જોઇ શકશો નહીં"

"કરનલ સાહેબ, હું એક બંગાળીથી કદી પણ દગો નજ કરીશ"

બંગાળી નામ સાભળતા ડીટેકટીવ બહુજ રાજી થયો. અને મનમાં સમજી ગયો કે, તેનો સાથી પણ એક બંગાળીજ હતો. માતૃભુમીની યાદ તેને હૈયે ધાઈ આવી અને લાબા કાળ પછી એક દેશી ભાઇને જોતાં તે દેશનો ખરો ભક્ત પોતાના સાથીને હર્ષાવેશમા ભેટી પડયો.

દેવેન્દ્ર આનંદમાં ભાન ભુલેલો જોઇ તેના સાથીએ કહ્યું, "સાહેબ, આ સમય વધુ વાતચીત કરવાનો નથી. માટે આપણે હવે આગળ વધીએ. એમ કહેતાં તેઓ બન્ને આગળ વધવા લાગ્યા. અને ચાલતાં ચાલતા તેઓ એક બીજી સીડી પાસે આવી ઉભા હજી તેઓ ચઢવા

જતાજ હતા એટલામાં દેવેન્દ્રના સાથીએ તેને જોરમાં ધક્કો માર્યો. ને જેવો તે નીચે આવ્યો કે તેના ડગલાને ખેંચને તે તેને ખુણામાં લઈ ગયો. અચાનક ફેરફાર થવાથી ડિટેકટીવ જરા ગભરાયો; પણ તરતજ હુશીઆરી જાળવી તેણે પુછયું, "કેમ શુ થયું ?"

"મો...હન...સીંગનો....મા....ણસ"

સાથીને ગભરાટમાં કંપતાં જોઈ દેવેન્દ્રે કહ્યું. "શું થયું છે ? તે સ્પષ્ટ સમજાવો"

"સાહેબ, મોહનસીંગનો માણસ આવે છે જો તે આપણને જોઇ લેશે તો આપણા પ્રાણ બચવવા ભારે પડશે"

હજી તે બોલી પણ ન્હોતો રહયો એટલામાં એક માણસ હાથમા ફાનસ સાથે ત્યા આવતો દેખાયો. જનાર પુરૂષની દ્રષ્ટિ તેઓ ઉપર ન પડી અને તે એમને એમ પસાર થઈ ગયો તેના ચાલ્યા જતા છુપાએલા બન્ને પુરૂષો બહાર આવ્યા અને પેલી સીડી દ્વાર ઉપર ચઢી એક મોટા દીવાનખાનામા આવી ઉભા ત્યા આવતાંજ ડીટેકટીવને ત્યાજ બેસવા કહી તેનો સાથી નિશાકુમારીને ખબર આપવા અંદર ગયો થોડીવાર રહી તે પાછો આવ્યો, અને દેવેન્દ્રને સાથે લઇ એક સુશોભિત ઓરડામાં આવી પહોચ્યો અને તેને ત્યાંજ બેસવા કહી પોતે ત્યાંથી ચાલ્યો ગયો. પેલા શણગારેલા ઓરડાને જોતા દેવેન્દ્ર સમજી ગયો, કે આ ઓરડો નીશાકુમારીનોજ છે. તે એક

ખુરસી ઉપર બેઠો, અને કોઇ ઉંડા વિચારમાં ઉતરી પડયો. હજી તે વિચારમાંજ હતો એટલામાં દરવાજો ખુલ્યો, અને નીશાકુમારી દેવેન્દ્રના હૃદય ઉપર પોતાની કાતીલ દ્રષ્ટિના બાણુ ફેંકતી લટકાળી ચાલે આવી ઉભી અને તરતજ કહયું, "વ્હાલા દેવેન્દ્ર તમને મારે ત્યાં ગુપ્ત માર્ગે આવવું પડયું તે માટે અજાયબી તો થઇ હશેજ?"

"એમા અજાયબી શાની? બંગાળી મને અનેકવાર એવા ગુપ્ત માર્ગદ્વારા આવવું જવું પડયું છે."

ડીટેકટીવના બોલી રહેતાં નીશાકુમારી જરા આગળ વધી અને દેવેન્દ્રના ખભા ઉપર પોતાના નાજુક આંગળા મુકી વ્હાલથી કહ્યું, "કરનલ સાહેબ, તમે જાણો છો કે મેં તમને શા માટે તેડાવ્યા છે?"

"ના."

"નથી જાણતા? તો સાંભળો. તમને અહીં બોલાવવાનું કારણ માત્ર એટલુજ છે કે, તમે મારા ભેદથી પરિચીત થયા છો."

"તમારો ભેદ?" ડીટેકટીવે આશ્ચર્ય દર્શાવતા કહ્યું.

"હા, મારો બંગાળી હોવા વિષેનો ભેદ. અલકાપુરમાં મને બંગાળીઓ સાથે મુલાકાત થઈ છે, છતાં તેઓ પણ મને એક બંગાળી નહીં, પરંતુ મદ્રાસી બાનુ તરીકે ઓળખતાં હતા. જ્યારે તમે મને પુરતી રીતે ઓળખી ચુકયા છો."

"પણ તમને પોતાને એક મદ્રાસી બાનુ તરીકે જાહેર કરવાનું કારણ ?"

"તે તમે થોડાજ સમયમા જાણી શકશો પણ મને અત્યારે એક મદદગારની જરૂરત છે, અને ...

વાતને કાપી નાંખતા દેવેન્દ્રે કહ્યું "નિશા, તમને ગમે તેવી સ્હાય કરવા હુ હાજર છું"

"મને મદદ જોઇએ છે" નિશાકુમારીએ આશાપૂર્વક કહ્યું. "અલકાપુરમાં મારા અનેક શત્રુઓ પડયા છે, અને તે પણ વળી મોટા અને ધનાઢય વર્ગના પુરૂશો છે, જ્યારે હુ અહીં એકલી અટુલી નીરાધાર અબળા છું"

'તમારા જેવી નાજુકડી અબળાના પણ શત્રુઓ હોઇ શકે ખરા ?'

"જી, હા," નિશાકુમારીએ શર્માતા ઉત્તર વાળ્યો.

ડીટેકટીવ આવેશમાં પોકારી ઉઠયો કોણ છે એવા?

"તેઓના નામ જો હું તમને કહીશ તો તમે તે માનવાના પણ નથી."

"ના તમે ભુલો છો, તમે જે કાંઈ કહેશો તે હું માન્ય રાખીશ"

"સત્ય વદો છો ?"

"જી, હા."

"ત્યારે સાભળો મારા શતરૂઓમાના એક તો મોહન-સીગ પોતેજ છે"

"શુ ?!! મોહનસીંગ?!" દેવેન્દ્ર આશ્ચર્ય સાથે બોલ્યો.

'હા, મોહનસીંગ પોતે તેઓ એજ વિચારમા છે કે કોઈપણ બહાના હેઠળ મને કેદ કરી મારૂ કાટલુ કાઢી નાખે.

"પણ મોહનસીગ પોતે એક નિર્બળ અબળ ઉપર શાનું વેર વાળવા તપર થયા છે ?"

"તેના પણ કારણો છે."

"અને તે શુ ?"

"સમય આવ્યે તે પણ તમને જણાશે,

"ઠીક, હવે તમે કહો કે તમે કયા પ્રકારની મદદ માગો છો ?"

"મને તેવા નિર્દય પુરૂષોના પંજામાથી મુક્ત કરો"

નિશાકુમારી બોલી રહેતા દેવેન્દ્ર ચુપચુપ માથુ નીચુ નમાવી બેઠો તેના મનમા અનેક તરંગો આવતાં અને વહી જતા હતા તેની મુખાકૃતિ ઘડીકમાં ગભીર રૂપ ધારણ કરતી તો ઘડીકમાં તે શાંત થતો. તે એવીજ અસ્વસ્થ સ્થિતિમા બેઠો હતો. 'એકાએક તેની દ્રષ્ટિ નિશાકુમારી પર પડી અને તેના કોમળ નેત્રો અશ્રુથી ભીજાએલા દેખાયા દેવેન્દ્ર વ્યાકુળ થયો. આ સમયે જો તેનું ચાલતે તો તે બાથમાં ભીડી જરૂર વ્હાલથી આશ્વાસન આપતે, પણ લાચાર.

દેવેન્દ્ર પણ કાંઇ બોલી ન શકયો થોડીવાર રહી

નિશા પોતેજ બોલી ઉઠી "વ્હાલા શું હું મારા દેશના એક વીર જાસુસ ઉપર વિશ્વાસ મુકી શકીશ ?"

નિશાએ ઉપરોકત વચનો એટલા તો દયામણા સ્વરે ઉચ્ચાર્યા કે દેવન્દ્રનું કાળજુ ઉછળી પડયું. તે નિશાની મુખમુદ્રા નીહાળી વ્યાકુળ થયો. તેની વ્યાકુળતા એટલી હદ સુધી વધી ગઇ કે તેને ત્યાં બેસવું પણ ભારે થઇ પડયું થોડોવાર રહી તેને પુનઃ કહ્યુ "નીશા હુ તમને જરૂર મદદ કરીશ, પણ તે એક રીતે"

"બોલો તે કેવી રીતે ?"

"મને માત્ર તમે સ્વચ્છ અંતઃકરણે એટલું કહો કે તમારૂં જીવન કલંકીત તો નથી મથવા તમે એવીજ બીજી કોઇ બાબતમાં સપડાએલા તો નથી ?" ડીટેકટીવે ધીરે રહીને પુછયુ

દેવેન્દ્રના મુખદ્વારા ઉપરોકત વચનો બહાર પડતાં તે સૌંદર્યની દેવી ધ્રૂજી પોતાના પવિત્ર ચાલવપર કલંકનું નામ સાભળતા તે રોમેરોમ કંપી અને રડી દેતા કહયું. "હે પરમેશ્વર ! ! હું આ શુ સાંભળુ છું ? શુ નિર્બળતા અને નાચારીનુ નામજ કલક છે.

"બસ નિશા, થઇ ચુકયું." ડીટેકટીવે પ્રફુલ્લીત હૃદયે કહયું. "હવે તમે નિશ્ચાત રહો હું દરેક રીતે તમારી મદદ કરીશ અને તમારા રક્ષાર્થે મારા પ્રાણ પણ જો મને ખોવા પડશે, તો તે પણ હુ ખુશીથી અર્પીશ."

ડીટેકટીવ દેવેન્દ્રના ઉચ્ચારેલા વેણો થકી નિશાના કોમળ ગાલોપર ફરીવાર રતાશ છવાયો. તે આનંદ પામી અને મલીન થએલી મુખમુદ્રા ફરીવાર આનંદમાં ચમકવા લાગી. થોડીવાર રહી નિશાએ દેવેન્દ્રને કહ્યું "વ્હાલા દેવેન્દ્ર મેં તમારા વિષે એક વાત સાભળી છે. તે ખરીછે?"

"કઇ વાત?"

"તમોએ નામદાર સમ્રાટની નોકરી કબુલી છે, અને મને કેદ કરવા પર રોકાયા છો. અને જો તેમાં જરાપણ ઢીલ થશે તો તમારા હાથ પગમા બેડીઓ પડશે."

નિશા વાત સાભળી લેતા દેવેન્દ્રે હસતાં કહ્યુ "નિશા જો એમજ છે, તો તમે સરળતાથી બચી શકશો"

"હાલ આશાના કીરણો મને દેખાતાજ નથી" નિશા નીરાશાજનક સ્વરે બોલી ઉઠી.

"તો શું તમે એમજ ધારો છો કે, હું કેદ કરીશ?"

"હાલ કદાચ હું એમ ધારી પણ શકૂં."

"ત્યારે તમે હવે સાંભળીરાજી થાઓ કે જયાં સુધી હું જીવતો છું. ત્યાં સુધી તમારો એક વાળ પણ કોઈ વાંકે કરી શકે તેમ નથી."

"પણ મારા માટે તો સર્વત્ર સંકટોજ છે. બેજ દિવસ ઉપર મને જાનથી મારી નાંખવાના પ્રયત્નો થઈ ચુકયા છે."

"તે કેવી રીતે?"

"જ્યારે હું બહાર ફરવા જતી હતી ત્યારે બે માણુસો મારી પાછળજ રહેતા, અને...."

નિશાની વાતને તોડી પાડતાં દેવેન્દ્રે જીજ્ઞાસાપુર્વક કહ્યું "શું પેલા માણુસોએજ હુમલો કર્યો હતો ?"

"હા, પણુ પહેલા મારી વાત તો સાંભળો. હુ હમેશ મારી સાથે એક ચાકરને લઈ જતી; અને તેથી પેલા લુચ્ચાઓ કાંઇપણુ કરી શકતા ન્હોતા. બે દિવસ ઉપર હું એકલીજ ફરવા ગઇ, અને તેઓ લાગ જોઇ મારી ગાડીમા ઘુસી આવ્યા, પણુ નીરાધારોના આધાર તે પરમકૃપાળુ પરમાત્માએ મારી મદદે રસ્તે ચાલતાં માણુસોને મોકલી આપ્યા અને મને તે લબાડોના પંજામાથી મુક્તી મળી"

"જ્યારે પેલા માણુસો તમારી ગાડીમાં ઘુસવા લાગ્યા, ત્યારે ગાડીવાન શું કરતો હતો?" ડીટેકટીવે પ્રશ્ન કર્યો.

"મારા મોઢાપર તો મારા સઘળા નોકરો મારોજ પક્ષ ધરાવે છે, જ્યારે ગુપ્ત રીતે તેઓ પણુ મારા શતરૂજ છે."

"ત્યારે સઘળા નોકરોને બદલી કેમ નથી નાખતા?"

"નોકરો બદલવાથી શું થશે? નવીન નોકરોને પણુ મારા શતરૂઓ પૈસાની લાલચ આપી મારા લોહીના તરસ્યા બનાવશે"

નિશાની વાત સાભળી દેવેન્દ્ર હાઇ વિચારમાં પડયો. થોડીવાર તે નીચું ઘાલી બેઠો પણુ એકાએક તેને જાણે

કોઇ નવીન યુક્તિ સાંભરી આવી હોય, તેમ ઉછળી પડયો, અને કહ્યું. "ઠીક, હવે તમે ફરવા ક્યારે જશો ?

"હવે હું બહાર નીકળવા માગતીજ નથી." નીરાશ થએલી તે સુંદરી બોલી ઉઠી.

"કાલે તમે જરૂર ફરવા જજો સમજ્યા ?"

"તો શું તમે પણ મારી સાથે ચાલશો ?"

"હું પોતે તો તમારી સાથે ચાલી શકતો નથી, પણ હા, એક સ્રીને હુ તમારી સાથે મોકલીશ "અને તે હરામખોર પણ એક બંગાળી અબળાને સંતાપવાની મઝા ચાખશે "

"પેલી સ્રી મને કયા મલશે ?"

તરતજ દેવેન્દ્ર નીશાને એક જગ્યા દેખાડી અને પેલી સ્રીને ત્યા મળવાનુ કહી બીજી અન્ય ભલામણો કરી ઘેર જવા ઉઠયો અને તરતજ સડક ઉપર ઉતરી પડયો

પ્રકરણ સાતમું. દોસ્ત કે દુશ્મન

ડિટેકટીવ દેવેન્દ્ર સવારના પહોરમા નાસ્તાના ટેબલ ઉપર બેઠો હતો. ચાહનો કપ અધુરો મોઢે માંડેલો હતો ત્યા એક પોલીસે આવી સલામ કરી તેના હાથમા એક સરકારી લીફાફો મુકયો. ઝટપટ ચાહનું કપ પૂરૂં કરી પેલા સીપાઇને ઇશારતથી દૂરની એક ખુરશીપર બેસવાનું કહી એણે એ ઉઘાડયો. એમા લખ્યુ હતું કે —

શ્રીમાન ડિટેકટીવ,

આપ હમણા ને હમણા આ માણસ સાથે આવી મને મળી જાવ. શ્રીમાન સમ્રાટનો હુકમ રોયલ પેલેસમાંથી આજ આવી પહોંચેલો હોઇ મારે એ સંબંધમા આપની ખાસ સલાહ લેવાની છે. લી૦ આપનો વિશ્વાસુ,

મોહનસીંગ.

કાગળ વાચી ગજવામાં મુકતા દેવેન્દ્રે કોટ ચઢાવ્યો પેલા સીપાઇને કહ્યું. "ચાલ, આગળ થા હું આવુ છુ" બહાર મોટર ઉભેલી હતી. પેલા સીપાઇની સાથે દેવેન્દ્ર બહાર ઉભેલી મોટરમાં ગોઠવાયો. ડ્રાઈવરે મોટર હાંકી મુકી.

એક અજાણ્યા પડી ભાંગેલા ખંડીએર જેવા મકાન પાસે મોટર ઉભી રાખવામાં આવી પેલો સિપાઈ દેવેન્દ્રને લઈ નીચે ઉતર્યો, કે તરતજ ડ્રાઇવર જોતજોતામાં મોટર હંકારી ગયો.

દેવેન્દ્રને હવે મજબુત વહેમ પડયો. મોહનસીંગનું મકાન આ છેજ નહિ એમ તે સમજી ગયો. તેણે રૂઆબથી પેલા સિપાઇને પૂછયું: "આ કોનાં મકાન પાસે આપણે આવ્યા છીએ ?"

"મોહનસીંગના."

"મોહનસીંગ આવા મકાનમા રહે એમ હું માનતો જ નથી"

"આ એમનું છુપુ મકાન છે અહીંજ એઓ ખાનગી

વાતો ચર્ચે છે, ને છુપી મુલાકાતો લે છે. આપ અંદર આવો એટલે આપને બધી ખબર પડશે"

એમ તો દેવેન્દ્ર બહાદુર જુવાન હતો. તે નીડરપણે એની સાથે મકાનમાં દાખલ થયો. બંને એક વિશાળ ઓરડામાં આવી પહોંચ્યા. પેલા સિપાઇએ એને કહ્યું:—

"સાહેબ, આ ખુરશી ઉપર બીરાજો. હું અંદર જઈ નામદાર મોહનસીંગ સાહેબને આપના આવી પહોંચવાની ખબર કરૂં છું."

પોકેટમાંથી સીગાર કેઇસ કાઢી સીગારેટ સળગાવી મોજથી દેવેન્દ્ર ખુરશીમાં બેઠો, પણ અરે આ શું? બેસતાની સાથેજ એ ખુરશીના હાથામાં જાણે જીવ આવ્યો હોય એમ તે ફરી ગયા. દેવેન્દ્ર એ ખુરશીમાં એક બંદીવાન તરીકે કેદી થઇ ગયો પેલો સિપાઈ કે જે મોહનસીંગને તેડવા જવાનું બહાનું કરી ગયો હતો, તે જૂદાજ લીબાસમાં તેની સામે આવી ખડખડાટ હસી રહ્યો હતો. દેવેન્દ્ર સમજી ગયો કે પોતે કોઇ બદમાશના કાવત્રાનો ભોગ થઈ પડયો છે. એની નજર એ હરામખોરપર પડી. એણે એને ઓળખી કાઢયો.

"કોણ સામંત! તું! નિશાકુમારીનો નોકર!"

"જી, હા નામદાર. હવે જીવ બચાવવો હોય તો તે દિવસે પેલા ભુંડ જેવા માણસ પાસેથી મળેલી કીમતી વીંટી આ સેવકને સોંપી દયો, જોઉં વારૂં. મારે તે કામની છે."

દેવેન્દ્ર ગભરાયો. આ માણસને એ વીંટીની વાતની ક્યાંથી ખબર પડી હશે ? નોકર આવો નીચ હશે? આમાં નિશાકુમારીનો હાથ હશે? આવા આવા વિચારના વમળમાં ચડેલા તેના મગજે એને ચાલાકીથી જવાબ વાળ્યો: 'અરે દોસ્ત વીંટી જોઈતી હતી, ત્યારે ત્હારે મને ઘેરજ કહેવું હતુંને ' મને શી ખબર ? હું તો એ ઘેર મારા ઓવર-કોટમાંજ રાખી આવ્યો છું '

"એમ છે વીંટી ઘેર રહી ગઇ છે ?"

"હા."

"તો ગભરાશો નહિ, આપ શ્રીમાન આ અવસ્થામાં અહીંજ રહો. હું એક ચક્કર મારી આપને મકાને જઇ વીંટી લઈ હમણા અહિં આવી પહોચું છુ "

છેલ્લા બોલ બોલતા એ એરોપ્લેનની માફક હવામાં ઉડયો. દેવેન્દ્ર સમજ્યો, કે વીટીમા જરુર કઇ ભેદ છે. જેને તે નકામી ગણતો હતો, તે હવે તેને કામની સમજી. વીંટી તેના ગજવામાજ હતી, પણ ખાલી બનાવવા માટે તે જુઠું બોલ્યો હતો. હવે કોઇપણ રીતે પેલો સામંત ઘેર જઇ ખાલી હાથે પાછો ફરે તે પહેલા છુટકારો કરી વીંટી સાથે ન્હાસી જવું એ વિચારમાં દેવેન્દ્ર ગુથાયો

છુટવાને બહુ બહુ ફાંફા માર્યા છતા એ ફાવ્યો નહિ. ત્યાં એને કાને કોઇના મંદ મંદ પગલાનો અવાજ આવ્યો.

એણે આંખો ખેંચી ખેંચી એ તરફ જોયું. ધીમે ધીમે કોઇ સ્ત્રી પાસે આવતી હતી.

એ એક આધેડ ઉંમરની સ્ત્રી હતી. એને શરીરે ઠેકઠેકાણે લોખંડના સળીઆના ડામ દીધા હોય તેવા ડાઘા હતા શરીર દુબળું પડી ગયું હતું. હાથપગમા વજનદાર બેડીઓ નાખેલી હતી. પાસે આવી એ કમનસીબ સ્ત્રીએ ટેબલ ઉપરની એક છુપી કળ દાબી. દેવેન્દ્ર જોતજોતામાં છુટો થઇ ગયો.

એણે એ અભાગી સ્ત્રી કે જેની આંખમા આસુ હતા, તેને પુછ્યુ: "ભલી બાઇ, તું કોણ છે? અને તારા હાથમા આ બેડીઓ કેમ છે?"

"હું તમારાજ દેશની એક બંગાળી જાસુસ છુ. મારૂં નામ સુધા....હુ....અલકાપુરના ચીફ પોલીસ અમલદાર મોહનસીંગની એક ભયંકર છુપી ઘટના જાણવા પામી ગઇ હતી. તેનો રિપોર્ટ બંગાળ સરકારને કરવા જતા પકડાઇને આ સ્થિતિ ભોગવુ છુ."

"કોણ સુધા! બાર વરસપર કલકત્તામા ગુમ થયેલ બહાદૂર બંગાળી ડિટેકટીવ મેયરની પત્ની ...

"હા....લો આ તે છુપા કાગળો ..જે આજ સુધી મેં છુપાવી રાખ્યા હતા. એ બહુજ ઉપયોગી છે. એમાં એ બદમાસનું કાવતરૂં ખુલ્લું પાડેલું છે. એની સાથે એક બંગાળી બાનુ દેશને દગો દેવામાં જોડાયલી છે. એનું નામ...

એ આગળ બોલે તે પહેલાં એક અવાજ થયો. પિસ્તોલમાંથી ગોળી છુટી. એક તીણી ચીસ નાખી એ જમીન ઉપર પટકાઇ પડી. ડિટેકટીવ દેવેન્દ્ર મામલો સમજી ગયો તેણે સપાટાબંધ પેલા કાગળો ગજવામાં મુકી દીધા, કે તરતજ પેલો ભુંડ જેવો માણસ હાથમાં પીસ્તોલ સાથે ત્યા ધસી આવ્યો. દેવેન્દ્રે એને પોતાને વીંટી આપનાર તરીકે ઓળખી કાઢયો.

"કોણ તું ! જેને મેં તે દિવસે જીવતદાન દીધુ. હતું તે !" એટલું બોલતાં દેવેન્દ્રે ગજવામાથી પેલી તેની આપેલી વીંટી કાઢી એની સામે ધરી. તે માણસે એક છુપો અવાજ કર્યો, કે તરતજ ત્યા પોલીસના પાચ માણસો ધસી આવ્યા. તે ભુંડ જેવો દેખાતો માણસ બીજો કોઇ નહિ પણ અલકાપુરનો ચીફ ઇન્સ્પેકટર મોહનસીંગ હતો. મોહનસીંગે હુકમ કર્યો' સમ્રાટની રાજય મુદ્રિકાનો ચોર આ રહ્યો. એને પરહેજ કરો "

દેવેન્દ્રને કેદ કરવામા આવ્યો. એ જતા જતા બોલ્યો

"આ તે દોસ્ત કે દુશ્મન "

પ્રકરણ આઠમું. ભેદી દસ્તાવેજ.

ગોઠવણ મુજબ નિશાકુમારી દેવેન્દ્રને ત્યાં જવા માટે તેણે બતાવેલી જગ્યાએ જઇ તેની દાસીની રાહ જોવા લાગી. થોડીવારે ત્યાં એકએક વિચિત્ર વેશમાં સજજ થએલી

સ્ત્રી આવી પહોંચી તેણે એને પૂછયું: "તમારૂં નામ મીસ નિશાકુમારી કે ?"

"જી...હા..."

"ચાલો મારી સાથે દેવેન્દ્રે મને આપને તેડવા મોકલ્યા છે"

નિશાકુમારી ગુપચુપ એ સ્ત્રીની પાછળ પાછળ ચાલવા માંડયું થોડો રસ્તો વટાવ્યા પછી એઓ એક મકાન આગળ આવ્યા

દેવેન્દ્ર આમા છે. આવો..." પેલી સાથે આવનાર બાઇ બોલી

નિશાને પહેલાં તો કંઇક વહેમ ગયો પણ પાછળથી એ હિંમત રાખી એની સાથે અંદર પ્રવેશી. એની નજર ઓરડામા બેઠેલા એક રૂષ્ટપુષ્ટ શરીરના જાડા ભુંડ જેવા માણસ ઉપર પડી.

"કોણ મોહનસીંગ !" નિશા એ બદમાશને એના છુપા વેશમાં પણ ઓળખી ગઇ.

સામેની દીવાલ સાથેની સાંકળે બાધેલા એક કેદીના તરફ નિશાની નજર ગઇ એણે એને સપાટામાં ઓળખી લીધો. "કોણ ડીટેકટીવ દેવેન્દ્ર ...! અહીંઆ ' આ સ્થિતિમા."

પ્રેમમા પાગલ બની મારી છુપી વાત એને કાને નાખી મારી બાજી ધુળમાં મેળવવા તું દેવેન્દ્રને આજે

મળવાની હતી, એ વાત મને તારી ઉપર ધ્યાન રાખવા રાખેલ સામંત પાસેથી મળતા મેં તને શિક્ષા કરવા અહીં તેડી મગાવી છે”

“શિક્ષા ! મને ?”

“હા .. તને....તારા આ બંગાળી પ્રેમીને પોતાને જબરજસ્ત જાસુસ કહેવડાવનારના દિદાર તરફ જો ! તારા હાલ પણ આના જેવાજ...” કહેતાં એણે પેલી બંગાળી અબળા સુધાના શબ ઉપરથી વસ્ત્ર દુર કર્યું, અને નિશાએ વર્ષો ઉપર ગુમ થએલ પોતાની સાથે અલકાપુરમા સરકારી કામે આવેલ સુધાની શિકલ ઓળખી લીધી

“આ ભયંકર ખુનનું હું વેર લઈશ.”

“તે પહેલા તારી પણ એજ સ્થિતિ થશે”

“તું મારી પાસેથી શુ ચ્હાય છે ?” નિશાએ પુછયું

“ત્હારા આ આશક દેવેન્દ્રને આ મરનાર સુધા મારી વિરૂદ્ધના કેટલાક સરકારી કીમતી કાગળો સોપતી ગઇ છે. તે એણે કોઇ જગ્યાએ સંતાડી દિધા છે તે પાછા સોંપવા તું એને સમજાવ જો જીંદગી પ્યારી હોય તો મારા હાથમા સોપ...”

“નહિ તો ?!”

“નહિ તો આજ રાત્રે તમારી બંનેની ગરદનો ઉડાવી દેવામા આવશે.”

૪૬૦૦ જબરજસ્ત ગ્રાહક

સંસારને સુધારવા

ગૃહસ્થાશ્રમ

નામનું અપૂર્વ પુસ્તક વાંચવું જોઈએ

કેમકે

સંસાર સુધારાના અનેક ઉપાયોનું તે જ્ઞાન આપે

સરળમા સરળ તેની ભાષા છે.

સર્વોત્તમ વાર્તાઓ અને નિબધો તેમા સમાયા

યુવાવસ્થા, વૃદ્ધાવસ્થા અને બાળપણાના કાર્યો આલેખ્યા છે.

સંસારમા પડતી વિટંબણાઓમાંથી મુક્ત સાચું જ્ઞાન દર્શાવે છે

કેળવણીનો અર્થ સમજાવે છે.

હાનિકારક રીત રીવાજોને વખોડી કાઢે છે.

આ શિવાય

ગૃહસ્થાશ્રમને લગતી બીજી અસંખ્ય બાબતો આ
અતિ-વિસ્તારપૂર્વક સમાવી છે. વળી તે સર્વ
પાકું પૂઠું પૃષ્ઠ સંખ્યા ૩૦૦ કીમત મ
રૂ. એક (પોષ્ટેજ બે આના જુદા)

ચંદ્રપ્રકાશ ઓફીસ, ભાગાતળ